| | |
|---|---|
| દાખલ તારીખ............ | **૦૫/૧૨/૨૦૨૫** |
| રજીસ્ટરે લીધા તારીખ... | **૦૫/૧૨/૨૦૨૫** |
| ફેંસલ તારીખ............. | **૧૩/૦૪/૨૦૨૬** |
| સમયગાળો............... | વર્ષ **૦૦** / માસ **૦૪** / દિવસ **૦૮** |

**ઊંઝાના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુ. ઊંઝા.**

ક્રિમીનલ કેસ નં. ૧૪૩૮/૨૦૨૫.

આંકઃ ૧૮.

ફરિયાદીઃ – શ્રી સરકાર.

**વિ રૂ દ્ધ**

આરોપીઓઃ ૧. મનિષાબેન બળદેવીજી ઠાકોર,

૨. ઠાકોર વર્ષાબેન બળદેવજી,

૩. મંજુલાબેન મફાજી ઠાકોર,

૪. રવીકુમાર બળદેવજી ઠાકોર,

૫. હિતેશકુમાર મફાજી ઠાકોર,

તમામ રહે. કંથરાવી, તા. ઊંઝા, જી. મહેસાણા.

**ગુનાનો ચાર્જઃ** – ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબ...

ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી એસ. આર. કચ્છવા.

આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી એમ. એમ. બારોટ.

**––// જ જ મે ન્ટ //––**

**(૧)..** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તારીખ ૦૨/૦૯/૨૦૨૫ ના મોજે

કંથરાવી પાટીદાર વાડી પાસે આઝદ ચોકમાં હીગળાજ માતાનો ભરાયેલ મેળામા આશરે સાંજના છ એક વાગ્યાની આસપાસ આ કામના આરોપી નંબર (૧) તથા આરોપી નંબર (૨) તથા આરોપી નંબર (૩) નાઓ ફરીયાદી મેળામાં આવી ભુંડી ગાળો બોલી તથા આરોપી નંબર (૧) નાઓએ ફરીયાદીના માથાના વાળ પકડી તથા આરોપી નંબર (૨) ફરીયાદીને ગાલ ઉપર લાફા મારી તથા ફરીયાદા મેળામાંથી ઘરે આવતા હતા દરમ્યાન આ કામના સાહેદ સંદીપકુમાર મફતલાલ નાઓ આરોપીના ઘરે ઝગડા બાબતે પુછવા જતાં આ કામના આરોપી નં(૪) તથા (૫) આવી જેમાં આરોપી નં (૫) હાથમાં લોખંડનુ ધારીયુ લઈ આવી આરોપી નંબર (૪) સાહદેને છાતીમાંથી પકડી ટી શર્ટ ફાડી આરોપી નંબર (૨) આવી ફરીયાદીના વાળ ખેચી નીચે પાડી આરોપી નંબર (૧) નાઓએ ફરીયાદીને નાક ઉપર મુકો મારી ફરીયાદી તથા સાહેદ સાથે જપાજપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યા વિ બાબતેની ફરીયાદ, ફરિયાદીએ ઊનાવા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨).. આરોપીઓ વિરૂદ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને પ્રોસેસ કરતાં આરોપીઓ હાજર થતાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (હવે પછીથી ટૂંકમાં "બી.એન.એસ.એસ." તરીકે ઉલ્લેખ કરેલ છે.) ની કલમ–૨૩૦ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પૂરી પાડી, આરોપીઓ વિરૂદ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી આરોપીઓનો આંક–૦૫ થી આંક–૦૯ મુજબ જવાબ રેકર્ડ કરતાં જેમાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કામે ફરિયાદપક્ષે પુરાવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**(૩)..** ફરિયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરાવાઓ રજૂ થયેલ છે.

(એ) **મૌખિક પુરાવોઃ–**

૧. આંક–૧૦ થી ફરિયાદી લક્ષ્મીબેન દિપકકુમાર પટેલની જુબાની.

૨. આંક–૧૨ થી સાહેદ દિપકકુમાર સુરેશભાઈ પટેલની જુબાની.

૩. આંક–૧૩ થી સાહેદ સંદીપકુમાર મફતલાલ પટેલની જુબાની.

(બી) **લેખિત પુરાવોઃ–**

૧. આંક–૧૧ થી ફરિયાદીની ફરિયાદ.

૨. આંક–૧૪ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું.

૩. આંક–૧૫ થી મારક હથિયાર કબ્જે કર્યા અંગેનું પંચનામું.

૪. આંક–૧૬ થી સારવાર સર્ટીફીકેટ.

**(૪)..** ઉપરોક્ત સાહેદ તપાસ્યા બાદ ફરિયાદ પક્ષે આંક–૧૭ થી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ, બી.એન.એસ.એસ. એક્ટની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)..** આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ–**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ ૦૨/૦૯/૨૦૨૫ ના મોજે કંથરાવી પાટીદાર વાડી પાસે આઝદ ચોકમાં હીગળાજ માતાનો ભરાયેલ મેળામા આશરે સાંજના છ એક વાગ્યાની આસપાસ આ કામના આરોપી નંબર (૧) તથા આરોપી નંબર (૨) તથા આરોપી નંબર

(૩) નાઓ ફરીયાદી મેળામાં આવી ભુંડી ગાળો બોલી તથા આરોપી નંબર (૧) નાઓએ ફરીયાદીના માથાના વાળ પકડી તથા આરોપી નંબર (૨) ફરીયાદીને ગાલ ઉપર લાફા મારી તથા ફરીયાદા મેળામાંથી ઘરે આવતા હતા દરમ્યાન આ કામના સાહેદ સંદીપકુમાર મફતલાલ નાઓ આરોપીના ઘરે ઝગડા બાબતે પુછવા જતાં આ કામના આરોપી નં(૪) તથા (૫) આવી જેમાં આરોપી નં (૫) હાથમાં લોખંડનુ ધારીયુ લઈ આવી આરોપી નંબર (૪) સાહદેને છાતીમાંથી પકડી ટી શર્ટ ફાડી આરોપી નંબર (૨) આવી ફરીયાદીના વાળ ખેચી નીચે પાડી આરોપી નંબર (૧) નાઓએ ફરીયાદીને નાક ઉપર મુકો મારી ફરીયાદી તથા સાહેદ સાથે જપાજપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરી, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

**(૫.૧)..** ઉપરના મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**<u>નિર્ણયોઃ</u>–**

મુદ્દા નં. ૧ – નકારમાં.

મુદ્દા નં. ૨ – આખરી હુકમ મુજબ.

**–: ફરિયાદ પક્ષે રજૂ પુરાવો :–**

**(૬)..** હાલના કામે ઉપરોકત મુદ્દાઓનું મૂલ્યાંકન અને નિર્ણય કરતાં અગાઉ ફરિયાદપક્ષે જે પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તે વિગતવાર ધ્યાને લેવો જરૂરી છે. રજૂ પુરાવો રેકર્ડનો જ ભાગ હોઈ

પુનરાવર્તન ટાળવાના હેતુથી પુરાવાની મહત્વની હકીકતો નીચે મુજબની વિગતે નોંધવામાં આવેલ છે.

**(૬.૧)..** ફરિયાદ પક્ષે રજૂ થયેલ ઉપરોક્ત પુરાવો વંચાણે લઈએ તો સૌપ્રથમ આંક–૧૦ થી ફરિયાદી લક્ષ્મીબેન દિપકકુમાર પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. ફરિયાદીની જુબાની વંચાણે લેતાં તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના આરોપીઓને એકજ ગામના હોવાથી તેઓને ઓળખે છે. બનાવ છ માસ અગાઉ છ વાગે તેઓના ગામની પાટીદાર સમાજની વાડી આઝાદચોક આગળ બનેલો. આ કામના આરોપી અને તેઓની વચ્ચે ગામના પ્રશ્નને લઈને સામાન્ય બોલાચાલી થયેલી. તે વખતે આજુબાજુ ઘણા બધા માણસો ભેગા થતા ધકકામુકીમાં તેઓને પડી જતા તેઓને ઈજા થયેલ અને જેની તેઓએ ઉંઝા કોટેજ ખાતે સારવાર કરાવેલી આ સીવાય બીજુ કાંઈ બનેલ નથી. જે બાબતે તેઓએ ઉનાવા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. ફરીયાદમા તેઓની સહી ઓળખી બતાવે છે,જે રજુ દાખલ આંક–૧૧.

આ સાહેદની આરોપી તરફેના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના હાથમાં કોઈ હથિયાર ન હતુ કે તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે તેઓને કોઈ માર મારેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી. તેઓના રૂબરૂમાં કોઈ ગુના અંગેનું પંચનામું કરેલ નથી કે ડોક્ટરને કોઈ બનાવ હિસ્ટરી લખાવેલ નથી. તેવી હકીકત જણાવેલ.

**(૬.૨)..** ત્યારબાદ, આ કામે આંક–૧૨ થી સાહેદ દિપકકુમાર સુરેશભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની વંચાણે લેતાં તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી

હકીકત જણાવેલ છે કે, આ કામના આરોપીઓને એકજ ગામના હોવાથી તેઓને તેઓ ઓળખે છે. બનાવ છ માસ અગાઉ છ વાગે તેઓના ગામની પાટીદાર સમાજની વાડી આઝાદ ચોક આગળ બનેલો. આ કામના આરોપી અને તેઓની વચ્ચે ગામના પ્રશ્નને લઈને સામાન્ય બોલાચાલી થયેલી. તે વખતે આજુબાજુ ઘણા બધા માણસો ભેગા થતા ધકકામુકીમાં તેઓની પત્ની પડી જતા તેઓને ઈજા થયેલ અને જેની તેઓએ ઉંઝા કોટેજ ખાતે સારવાર કરાવેલી આ સીવાય બીજુ કાંઈ બનેલ નથી. જે બાબતે તેઓએ ઉનાવા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલો.

આ સાહેદની આરોપી તરફેના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના હાથમાં કોઈ હથિયાર ન હતુ કે તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે તેઓને કોઈ માર મારેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી. પોલીસે તેઓનું ફક્ત નામ સરનામું પુછેલું. તેવી હકીકત જણાવેલ.

(૬.૩).. ત્યારબાદ, આ કામે આંક–૧૩ થી સાહેદ સંદીપકુમાર મફતલાલ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની જુબાની વંચાણે લેતાં તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ છ માસ અગાઉ છ વાગે તેઓના સાળા તથા તેમના પત્ની તેઓના ગામની પાટીદાર સમાજની વાડી આઝાદચોક આગળ બનેલો. આ કામના આરોપી અને તેઓની વચ્ચે ગામના પ્રશ્નને લઈને સામાન્ય બોલાચાલી થયેલી. તે વખતે આજુબાજુ ઘણા બધા માણસો ભેગા થતા ધકકામુકીમાં લક્ષ્મીબેનને પડી જતા તેઓને સામાન્ય ઈજા થયેલ અને જેની તેઓએ ઉંઝા કોટેજ ખાતે સારવાર કરાવેલી આ સીવાય બીજુ કાંઈ બનેલ નથી. જે બાબતે તેઓએ ઉનાવા પો.સ્ટે.માં ફરીયાદ

આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલો. તેઓ તેઓના સાળાને ત્યાં આવતા જતા હોઈ આ કામના આરોપીઓને તેઓ ઓળખે છે.

આ સાહેદની આરોપી તરફેના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના હાથમાં કોઈ હથિયાર ન હતુ કે તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે તેઓને કોઈ માર મારેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી. પોલીસે તેઓનું ફક્ત નામ સરનામું પુછેલું. તેવી હકીકત જણાવેલ.

(૭).. **પુરાવાનું મૂલ્યાંકન અને મુદ્દાઓના નિર્ણયઃ–**

ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રચલિત સિદ્ધાંત અત્રે નોંધવા જરૂરી જણાય છે.

(૧) "ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવાનો રહે છે. જો તેમ કરવામાં ફરિયાદ પક્ષ સફળ થાય નહી, અને વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરી શકે નહી, તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી."

(૨) "કોઈ ફોજદારી કેસમાં આરોપી પોતે નિર્દોષ છે, તેવું પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી. પરંતું આરોપી દોષિત છે, તે હકીક્ત વ્યાજબી શંકાથી રહીને ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે. આરોપીએ તો માત્ર પોતાના બચાવ દ્વારા ફરિયાદપક્ષે રજૂ પુરાવા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન કરવાની છે.

વ્યાજબી શંકા એટલે કોઈ હકીકત, બનાવ કે ઘટનાના અસ્તિત્વ વિશે સામાન્ય સમજ શકિત ધરાવતી વ્યકિતના મનમાં શંકા

ઉભી થાય તેવી શંકા.

ફોજદારી ન્યાય પ્રણાલીના સ્થાપિત સિદ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂદ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે, ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે ? તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી ? તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે, દરેક કેસની હકીકતો, પુરાવો, આજુબાજુના પરિબળો તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. નામદાર સવોચ્ચ અદાલતે ૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં. ૨૪૭ (ક્રિમીનલ) "સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂદ્ધ લેખરાજ"ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરિબળો તેમજ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય, ત્યારે તેમાં વિરોધાભાષ, અતિરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય, તો તેવો પુરાવો સ્વિકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાષ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે.

It is also our experience that invariably the witness add embroidery to prosecution story perhaps for the fear of being disbelieved, but that is not the ground to through the case erboard, if true in main. If there is ring of truth in the main, the case should not be rejected.

નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મૂલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડિસ્કાર્ડ કરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે ?, કઈ પરિસ્થિતિમાં બનાવ બનેલ છે ?, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે ? તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મૂલ્યાંકન કરવું જોઈએ.

આ કામે ફરિયાદ પક્ષે રજૂ ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન, આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબના આક્ષેપો છે, તેની કાયદાકીય જોગવાઈઓને ધ્યાને રાખીને નીચે મુજબની વિગતે ફરિયાદપક્ષે રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮).. આમ, આ કામે અગાઉના પેરામાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીનો પુરાવો ધ્યાને લીધો. આંક–૧૦ થી રજૂ ફરિયાદીએ તેમના પુરાવામાં જણાવ્યા મુજબ, બનાવ છ માસ અગાઉ છ વાગ્યે તેઓના ગામની પાટીદાર સમાજની વાડી આઝાદચોક આગળ આ કામના આરોપીઓ અને તેઓની વચ્ચે ગામના પ્રશ્નને લઈને સામાન્ય બોલાચાલી થયેલી. તે વખતે આજુબાજુ ઘણા માણસો એકઠા થતાં ધકકામુકકીમાં તેઓ પડી જતાં તેઓને ઈજા થયેલ અને જેની તેઓએ સારવાર ઉંઝા કોટેજ ખાતે કરાવેલ. તે સિવાય કાંઈ બનેલ નહી. જે ફરીયાદને રજૂ દાખલ આંક ૧૧ આપવામાં આવે છે. તેઓએ ઉલટતપાસમાં એવી હકીકત પણ જણાવેલ છે કે, આરોપીના હાથમાં કોઈ હથિયાર ન હતુ કે તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે તેઓને કોઈ માર મારેલ નથી કે કોઈ

ધમકી આપેલ નથી. તેઓના રૂબરૂમાં કોઈ ગુના અંગેનું પંચનામું કરેલ નથી કે ડોક્ટરને કોઈ બનાવ હિસ્ટરી લખાવેલ નથી. તેવી હકીકત જણાવેલ. તેવી જ રીતે, આંક ૧૨ તેમજ આંક ૧૩ થી તપાસેલા સાહેદોએ તેમના પુરાવામાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે અને તેઓની ઉલટતપાસમા એવી હકીકત પણ જણાવેલ છે કે, આરોપીના હાથમાં કોઈ હથિયાર ન હતુ કે તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે તેઓને કોઈ માર મારેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી. પોલીસે તેઓનું ફક્ત નામ સરનામુ પુછેલું. તેવી હકીકત જણાવેલ છે.

આમ, ફરિયાદપક્ષના ઉપરોકત ફરિયાદીનો પુરાવો જોતાં આંક–૧૦ થી રજુ થયેલ ફરીયાદમાં જણાવેલ હકીકતો પુરવાર થતી હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ, ફરીયાદીની ફરીયાદ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

તેમજ આ કામે ફરિયાદી સિવાય તપાસેલ અન્ય સાહેદોની જુબાની ધ્યાને લેતા તેઓએ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે વધુમાં, તેઓની ઊલટતપાસમાં તેઓએ આરોપીના હાથમાં કોઈ હથિયાર ન હતુ કે તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે તેઓને કોઈ માર મારેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી. પોલીસે તેઓનું ફક્ત નામ સરનામુ પુછેલું. તેવી હકીકત જણાવેલ છે. તે સંજોગોમાં ફરિયાદ પક્ષ તહોમતનામા મુજબ આરોપીઓ વિરૂદ્ધનું તહોમત પુરવાર કરવામાં સફળ નિવડે તેવો એકપણ પુરાવો રેકર્ડ ઉપર રજૂ નથી. જેથી હાલના બનાવમાં આ કામના આરોપીઓનો કોઈ રોલ હોય તેવું જણાતું નથી કે તેવી હકીકત રેકર્ડ જોતાં જણાઈ આવતી નથી.

વધુમાં, હાલના કામે આંક–૧૧ થી ફરિયાદીની ફરિયાદ, આંક–૧૪ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૫ થી મારક હથિયાર કબ્જે કર્યા અંગેનું પંચનામું, આંક–૧૬ થી

સારવાર સર્ટીફીકેટ ફરિયાદ પક્ષે કબુલ રાખેલ છે. જેથી ઉપરોક્ત દસ્તાવેજો સાહેદોના પુરાવા થકી પુરવાર થયેલ ન હોઈ દસ્તાવેજો રજૂ થવા માત્રથી આરોપીઓ વિરૂદ્ધની હકીકત પુરવાર થઈ શકે તેમ ન હોઈ જેથી આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતું નથી.

(૯).. આમ, આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીથી તેમજ રજૂ દસ્તાવેજી પુરાવાથી ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એવું પુરવાર કરી શકેલ નથી કે, આ કામના આરોપીઓએ તારીખ ૦૨/૦૯/૨૦૨૫ ના મોજે કંથરાવી પાટીદાર વાડી પાસે આઝદ ચોકમાં હીગળાજ માતાનો ભરાયેલ મેળામા આશરે સાંજના છ એક વાગ્યાની આસપાસ આ કામના આરોપી નંબર (૧) તથા આરોપી નંબર (૨) તથા આરોપી નંબર (૩) નાઓ ફરીયાદી મેળામાં આવી ભુંડી ગાળો બોલી તથા આરોપી નંબર (૧) નાઓએ ફરીયાદીના માથાના વાળ પકડી તથા આરોપી નંબર (૨) ફરીયાદીને ગાલ ઉપર લાફા મારી તથા ફરીયાદા મેળામાંથી ઘરે આવતા હતા દરમ્યાન આ કામના સાહેદ સંદીપકુમાર મફતલાલ નાઓ આરોપીના ઘરે ઝગડા બાબતે પુછવા જતાં આ કામના આરોપી નં(૪) તથા (૫) આવી જેમાં આરોપી નં (૫) હાથમાં લોખંડનુ ધારીયુ લઇ આવી આરોપી નંબર (૪) સાહદેને છાતીમાંથી પકડી ટી શર્ટ ફાડી આરોપી નંબર (૨) આવી ફરીયાદીના વાળ ખેચી નીચે પાડી આરોપી નંબર (૧) નાઓએ ફરીયાદીને નાક ઉપર મુકો મારી ફરીયાદી તથા સાહેદ સાથે જપાજપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરીને આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ. જેથી આરોપીઓને સદર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વ્યાજબી, ન્યાયી અને

ઉચિત જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં."૧" નો જવાબ નકારમાં ઠરાવીને મુદ્દા નં."૨" અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

–:: **આ ખ રી હુ ક મ** ::–

- આ કામના આરોપીઓ નં. ૧. મનિષાબેન બળદેવીજી ઠાકોર, નં. ૨. ઠાકોર વર્ષાબેન બળદેવજી, નં. ૩. મંજુલાબેન મફાજી ઠાકોર, નં. ૪. રવીકુમાર બળદેવજી ઠાકોર, નં. ૫. હિતેશકુમાર મફાજી ઠાકોર, તમામ રહે. કંથરાવી, તા. ઊંઝા, જી. મહેસાણાનાઓને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) મુજબના ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.
- આ કામે કબજે કરેલ મુદ્દામાલ મારક હથિયારનો અપીલ સમયબાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૩/૦૪/૨૦૨૬. **યોગિતા શર્મા**

સ્થળ – ઊંઝા. CODE No. GJ 01529

જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

ઊંઝા.

Judi. Magistrate. First. Class,
Unjha.